# <u>સ્પે.દિ.મુ. નં.૯૪/૨૦૧૧ ના કામે આંક–૧ તળે હુકમ</u>

(૧) આજરોજ વાદી તથા તેમના વિ.વ.શ્રીનો પોકાર પાડતા વાદી જાતે કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ તેમના તરફે એક કલાર્ક કોર્ટ સમક્ષ હાજર છે. **હાલનો દાવો સને–૨૦૧૧ ની સાલનો છે અને ૮ વર્ષ, ૨ માસથી વધુ જુનો છે. રેકર્ડ જોતા હાલનાં દાવાનાં કામે આંક–૨૩ થી તા.૧૨/૩/૧૪ નાં રોજ મુદા ઘડવામા આવેલ છે** અને ત્યારથી હાલનો દાવો વાદીના પુરાવા પર આવેલ છે. ત્યારબાદ અવારનવાર વાદી જાતે કે વકીલ મારફતે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય છતા પણ ન્યાયના હિતમાં મુદતો મુકરર કરવામા આવેલ છે અને વાદીપક્ષને આ કામે પુરાવો રજુ રાખવા માટે પુરતી તકો આપવામા આવેલ છે. વધુમાં, વાદીપક્ષ તરફે રજુ થયેલ તમામ મુદત અરજીઓ મંજુર કરવામા આવેલ હોય અને તા.૮/૧/૨૦૨૦ ના રોજ વાદી તરફે રજુ આંક–૪૬ ની મુદત અરજી છેલ્લી મુદત માટે મંજુર કરવામા આવેલ હોવા છતા, વાદી તરફે પુરાવો રજુ રાખવાના બદલે તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ આંક–૪૭ થી મુદત અરજી આપવામા આવેલ હોય, તેથી સદર આંક–૪૭ ની મુદત અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામા આવેલ છે અને વાદીનો પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૨) આ કામે આંક–૨૪ થી તા.૧૨/૩/૧૪ ના રોજ અગાઉની કોર્ટ ધ્વારા કાઢવામા આવેલ મુદાઓ વંચાણે લેવામા આવે તો હાલના દાવાના તમામ મુદાઓ વાદીપક્ષ એ પુરવાર કરવાના રહે છે. પરંતુ આ કામે વાદીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવા છતા તેઓ તરફે આ કામે પુરાવો રજુ કરવામા આવેલ ન હોય તેથી વાદીપક્ષનો પુરાવાનો હકક બંધ કરવાનો અત્રેની કોર્ટ ધ્વારા હુકમ કરવામા આવેલ છે. ઉપરાંત, આજરોજ વાદી તરફે કલાર્ક કોર્ટ સમક્ષ હાજર રહેલ છે અને તેઓ ધ્વારા આંક–૫૦ ની પુરશીષ રજુ કરી તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલમાં ગયેલ હોય તે અંગેના છેલ્લા સ્ટેટસની નકલ તેઓ ધ્વારા માર્ક–૫૦/૧ થી રજુ રાખવામા આવેલ છે. સદર માર્ક–૫૦/૧ નું કેસ સ્ટેટસ વંચાણે લેવામા આવે તો તેમા આ કામના વાદી ધ્વારા આર.કે.કન્સ્ટ્રકશન એટલે કે આ કામના પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૮૯૭૫/૨૦૨૦ તા.૦૨/૦૩/૨૦૨૦ ના રોજ દાખલ કરવામા આવેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ તે સિવાયની કોઈ વિગત સદર સ્ટેટસ રીપોર્ટમા જણાય આવતી નથી કે તે અંગે વાદીના

વિ.વ.શ્રી ધ્વારા કોઈ ખુલાસો કરવામા આવેલ નથી. સદર કાર્યવાહીમાં સ્ટે અંગે કોઈ નોંધ રજુ કરવામા આવેલ નથી.

(૩) વધુમાં, આજરોજ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓના વિ.વ.શ્રી ધ્વારા આંક–૫૧ થી આંક–૫૩ સુધીની કલોઝીંગ પુરશીષ રજુ કરી, વાદીપક્ષ ધ્વારા તેઓને પુરવાર કરવાના થતા મુદા અંગે વાદીપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ ન હોય તેથી વાદીનો દાવો નાસાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીઓની રહેતી ન હોય, તેથી તેઓ આ કામે કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી રજુઆત કરવામા આવેલ છે.

(૪) ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા પુરવાર થાય છે કે, વાદીને હાલનો દાવો આગળ ચલાવવામાં કોઈ રસ નથી અને વાદીપક્ષ તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેથી પ્રતિવાદીપક્ષ ધ્વારા પણ આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામા ન આવે તે સ્વાભાવિક છે. આથી જયારે વાદીના સદર કૃત્ય બદલ વાદીની બેદરકારી અને નિષ્કાળજીના લીધે કોર્ટના કિંમતી સમયનો દુર્વ્યય થતો હોય અને તેવા સંજોગોમાં હાલનો દાવો મુકી રાખવો યોગ્ય કે ન્યાયોચિત જણાતુ ન હોય, તેથી હાલનો દાવો વાદીની બેદરકારી અને નિષ્કાળજી બદલ કાઢી નાખી ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય, આંક–૧ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે :

**// <u>હુકમ</u> //**

(૧) આથી વાદીનો દાવો ફેસલ યાને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૪ (ચોથી), માહે : માર્ચ, સને – ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમરેલી.
તારીખ: ૦૪–૦૩–૨૦૨૦

**(ડો. મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)**
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ
<u>અમરેલી</u>
**GJ-00860**